

ખંડ-૪
અંક-૧
જાન્યુઆરી ૨૦૧૮

## કૃષિ ઉત્પાદન અને

# બજાર દર્શન

કૃષિ ઉદય...



### સરકારના અંદાજ મુજબ ૨૦૧૭-૧૮માં ડુંગળીના ઉત્પાદનમાં ૪.૫% નો ઘટાડો...

નીચા વાવેતર વિસ્તારને કારણે વર્તમાન ૨૦૧૭-૧૮ ના પાક વર્ષમાં દેશમાં ડુંગળીનું ઉત્પાદન ૪.૫ ટકા ઘટીને ૨૧.૪ મિલિયન ટન થવાનો અંદાજ છે. દેશમાં ડુંગળીનું ઉત્પાદન ૨૦૧૬-૧૭ ના પાક વર્ષ (જુલાઈ-જૂન) માં ૨૨.૪ મિલિયન ટન થયું હતું. કૃષિ મંત્રાલયના પ્રથમ અંદાજ અનુસાર ચાલુ વર્ષે ડુંગળીનું વાવેતર વિસ્તાર ૧.૧૯ મિલિયન હેકટર ઓછું રહ્યું છે, જે ગયા વર્ષે ૧.૩૦ લાખ હેક્ટર હતું. પૂરતા પ્રમાણમાં સ્થાનિક પુરવઠો ઉપલબ્ધ બને અને ભાવવધારાને અંકુશમાં લેવા માટે, સરકારે ટન દીઠ ૮૫૦ ડોલરની લઘુતમ નિકાસ કિંમત(એમઇપી) નક્કી કરી છે, જે ડુંગળીની નિકાસ પર ૨૦ જાન્યુઆરી સુધી લાગુ પડશે. મોટાભાગના શહેરોમાં છૂટક ડુંગળીનો ભાવ લગભગ ૪૦-૪૫ રૂપિયા પ્રતિ કિલો છે. નીચા

અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
ડૉ. એમ. એન. સ્વેન
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત

E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in

ઘરેલું પુરવઠાને કારણે ભાવમાં વધારો થયો છે.

ચાલું નાણાંકીય વર્ષના પ્રથમ ચાર મહિનામાં મોટી માત્રામાં નિકાસ કરવામાં આવી હોવાથી પુરવઠામાં ઘટાડો થયો છે. દેશમાં ચાલું નાણાંકીય વર્ષના એપ્રિલથી જુલાઈમાં ૧૨ લાખ ટનની નિકાસ થઈ હતી, જે વર્ષ અગાઉના સમયગાળામાં ૫૬ ટકા વધારે હતી. ઉપરાંત, વાવેતરમાં ઘટાડાને કારણે ૨૦૧૭-૧૮ માં નવા ખરીફ પાકનું ઉત્પાદન ઓછું થવાની ધારણા છે. ગયા વર્ષે અન્ય શાકભાજી પૈકી ટામેટાં અને બટાટાનું ઉત્પાદન સારું થવાની સંભાવના છે. પ્રારંભિક આંકડા મુજબ, વર્ષ ૨૦૧૬-૧૭ માં ૪૮.૬ મિલિયન ટન વાસ્તવિક ઉત્પાદનની સરખામણીમાં ૨૦૧૭-૧૮માં બટાટાનું ઉત્પાદન ૪૯.૩ મિલિયન ટન થવાનો અંદાજ છે.

### કેબિનેટે કઠોળની નિકાસને મંજૂરી આપી છે...



Govt approves export of all types of pulses

તમામ પ્રકારના કઠોળની નિકાસની મંજૂરી, ખેડૂતોને લાભદાયી ભાવે તેમના ઉત્પાદનોનું વેચાણ કરવા અને વાવેતર વિસ્તારમાં વધારો કરવા માટે પ્રોત્સાહિત કરવા માટે મદદ કરશે. કઠોળની નિકાસ કઠોળના વધારાના ઉત્પાદન માટે વૈકલ્પિક બજાર આપશે. કઠોળની નિકાસને મંજૂરી આપતાં દેશમાં નિકાસકારોને પણ તેમના બજારોમાં વેપાર કરવા માટે મદદ મળશે. ૨૦૧૬-૧૭ ના ઉત્પાદન વર્ષમાં ભારતીય ખેડૂતો કઠોળ પર ભારતની આયાત નિર્ભરતા ઘટાડવાના પડકારનો સામનો કરી રહ્યા છે અને આ વર્ષમાં ૨૩ મિલિયન ટન દાળનું ઉત્પાદન કર્યું છે. ખેડૂતો કઠોળનું ઉંચુ વાવેતર કરે તેમજ કઠોળની ખેતીમાં તેમનો રસ જળવાઈ રહે તે માટે સરકારે ઘણા પગલાં લીધાં છે. સરકારે ખેડૂતો પાસેથી લઘુતમ ટેકાના ભાવે અથવા બજાર દરે, બેમાંથી જે વધારે હોય તે ભાવે ખેડૂતો પાસેથી ૨૦ લાખ ટન કઠોળની ખરીદી કરી છે અને તે અત્યાર સુધીની કઠોળની સૌથી વધુ ખરીદી છે.

વર્ષ ૨૦૧૬-૧૭માં કઠોળનું ઉત્પાદન ખૂબ જ પ્રોત્સાહક છે અને તે અત્યાર સુધીમાં સૌથી વધુ છે. કઠોળની ૨૦ લાખ ટનની જાહેર ખરીદી આકર્ષક લઘુતમ ટેકાના ભાવે(એમએસપી) કરીને સરકારે ખેડૂતોને ટેકો આપ્યો છે. વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન કઠોળનું સ્થાનિક ઉત્પાદન ૨૨.૯૫ મિલિયન ટન હતું. ચણા દાળ (ગ્રામ)નું ઉત્પાદન ૯.૩૩ મિલિયન ટન હતું, જે વર્ષ ૨૦૧૫-૧૬માં ૭.૦૬ મિલિયન ટન હતું જે ૩૨ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. ૨૦૧૬-૧૭માં અન્ય રવી કઠોળ મસૂર દાળ (મસૂર) વગેરેનો સમાવેશ થાય છે જેનું ઉત્પાદન ૨૦૧૫-૧૬માં ૨.૪૭ મિલિયન ટનની તુલનામાં ૩.૦૨ મિલિયન ટન થયું છે જે ૨૨ ટકા વૃદ્ધિ દર્શાવે છે. વર્ષ ૨૦૧૭-૧૮ માટે સરકારે ૨૨.૯૦ મિલિયન ટન દાળ ઉત્પાદનનો લક્ષ્યાંક નક્કી કર્યો છે.

### સરકારે ૨૦૧૭-૧૮માં ૩૫૦.૩૮ લાખ ટન ચોખાની ખરીદી કરી છે...

સત્તાવાર આંકડા અનુસાર, અત્યાર સુધીમાં વર્તમાન બજાર સિઝનમાં સરકારે ૩૫૦.૩૮ લાખ ટન ચોખાની ખરીદી કરી



છે. વર્તમાન સિઝન (ઓક્ટોબર-સપ્ટેમ્બર) માટે ચોખાનો પ્રાપ્તિ લક્ષ્યાંક ૩૭૫ લાખ ટન મૂકવામાં આવ્યો છે. અગાઉના વર્ષમાં કુલ ચોખાનો પ્રાપ્તિ લક્ષ્યાંક ૩૮૧.૦૬ લાખ ટન થયો હતો. ખાદ્ય સુરક્ષા કાયદાની જોગવાઈને પૂરી કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સંચાલિત ભારતીય ખાદ્ય નિગમ (એફસીઆઈ) અને રાજ્યની એજન્સીઓ દ્વારા ચોખાની ખરીદી કરવામાં આવે છે. ચોખાની લઘુતમ ટેકાના ભાવે (એમએસપી) ખરીદી કરવામાં આવે છે.

એફસીઆઈના તાજેતરના આંકડા મુજબ,પંજાબમાં ચોખાની ખરીદી ઑક્ટોબર-ડિસેમ્બર સિઝનમાં ૧૭૬.૬૧ લાખ ટન થઈ છે. આ રાજ્યએ પહેલાથી જ ૧૧૫ લાખ ટન લક્ષ્ય પાર કર્યું છે. હરિયાણામાં ચોખાની પ્રાપ્તિ સમગ્ર સીઝન માટે આપવામાં આવેલા ૩૦ લાખ ટનના લક્ષ્યાંક કરતાં વધીને ૫૯.૨૦ લાખ ટન થઈ છે. છત્તીસગઢમાં ચોખાની ખરીદી અત્યાર સુધીમાં ૩૩.૩૨ લાખ ટન સુધી પહોંચી છે, જ્યારે સિઝન માટે લક્ષ્યાંક ૪૮ લાખ ટન છે.

## બાગાયત પાકના ઉત્પાદનમાં ૫%નો વધારો...




અગાઉના વર્ષની સરખામણીમાં આ વર્ષે બાગાયત પાકોના વાવેતર અને ઉત્પાદનમાં વધારો થયો છે. કૃષિ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલ અંતિમ અંદાજ મુજબ જૂન ૨૦૧૬-૧૭ ના પાક વર્ષ માટે બાગાયત ઉત્પાદનમાં (ફળો, શાકભાજી, મસાલા, વગેરે) અગાઉના વર્ષના ૫ ટકાથી વધીને ૩૦૦.૬ મિલિયન ટન થવાનો અંદાજ છે જ્યારે બાગાયતી પાકો હેઠળના વાવેતર વિસ્તારમાં ૧.૫% નો વધારો થયો છે. ૨૦૧૭-૧૮ માટે મંત્રાલયના પ્રથમ અંદાજ મુજબ, બાગાયતી પાકોનું ઉત્પાદન ૩૦૫.૪ મિલિયન ટન હોવાનો અંદાજ છે, જે અગાઉના પાક વર્ષ કરતાં ૧.૬ ટકા વધુ છે અને છેલ્લાં પાંચ વર્ષમાં સરેરાશ ઉત્પાદન કરતાં ૮ ટકા વધારે છે.

ખેડૂતો સમજી રહ્યા છે કે તેઓ હવે પરંપરાગત અનાજના ઉત્પાદન કરતાં વૈવિધ્યકરણ કરીને બાગાયતમાંથી વધુ કમાઈ શકે છે અને હવે સમય છે કે ખેડૂતોને ફાયદાકારક ભાવો મળે તેની ખાતરી કરવા સરકારે ખેડૂતોને ખેતરમાં સંગ્રહ અને ખાદ્ય પ્રક્રિયાની સુવિધા પૂરી પાડવી જોઇએ.

## મસાલાની નિકાસમાં વર્ષના પ્રથમ છ મહિનામાં ૨૪ ટકાનો વધારો થયો છે...

ભારતે ૫૫,૭૫,૨૫ ટન મસાલા અને ૮,૮૫૦.૫૩ કરોડ રૂપિયા કિંમતના મસાલા ઉત્પાદનોની નિકાસ કરી હતી, જ્યારે ગયા વર્ષે આ જ સમયગાળામાં રૂ. ૭૦૦.૧૫ કરોડના ૪,૫૦,૭૦૦ ટનની કિંમતના મસાલાની નિકાસ કરી હતી. ભારતની મસાલા નિકાસ ડોલરમાં જોઈએ તો ૧૩૭૩.૯૭ મિલિયન ડોલર હતી, જે એક વર્ષ અગાઉની નિકાસમાં ૬% નો વધારો દર્શાવે છે. મસાલા બોર્ડના અધ્યક્ષ ડો. એ.જયથિલેકએ જણાવ્યું હતું કે વૈશ્વિક બજારોમાં ભારતીય મસાલાઓમાં વિવિધ જાતના મસાલાની વધતી જતી માંગને પહોંચી વળવા મરચાં, જીરું, હળદર, એલચી, લસણ અને મિન્ટ ઉત્પાદનની સૌથી વધુ માંગણી રહી છે. મરચાંની ૨,૩૫,૦૦૦ ટનની



નિકાસે સૌથી વધુ માંગવાળા મસાલા તરીકે તેનું સ્થાન જાળવી રાખ્યું હતું, જેના મૂલ્યમાં ૪૨ ટકા વધીને તે રૂ.૨૧,૨૫.૯૦ કરોડ થયું હતું. ત્યારબાદ જીરાની નિકાસ ૭૯,૪૬,૦ ટન હતું, જેની કિંમત રૂ.૧૩૪.૫૮ કરોડ હતી, જેનાં કદમાં ૧૬% અને મૂલ્યમાં ૨૦% નો વધારો દર્શાવે છે. હળદરની નિકાસ ૫૯,૦૦,૦ ટન હતી જેની કિંમત ૫૪૭.૬૩ કરોડ રૂપિયા હતી.

## તોરીયા એમએસપી આ વર્ષે ક્વિંટલે રૂ.૩૯૦૦ નક્કી કરવામાં આવી છે...

સરકારે સ્પષ્ટતા કરી છે કે વર્તમાન વર્ષ માટે રાયડા જેવા જ તેલીબિયાં તોરીયા માટે લઘુતમ ટેકાના ભાવ (એમએસપી), જે રૂ.૩૯૦૦ પ્રતિ ક્વિંટલ પર નિર્ધારિત છે તેમાં પણ ક્વિન્ટલે રૂ.૧૦૦ ના બોનસનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૧૭-૧૮ની રવી સિઝનમાં ઉગાડવામાં આવતા અને જેની લણણી ૨૦૧૮-૧૯માં કરવામાં આવનાર છે તેની એમએસપી નક્કી કરવામાં આવેલ છે. તોરિયાનો પાક પૂર્વીય ઉત્તરપ્રદેશના મર્યાદિત વિસ્તારોમાં ઉગાડવામાં આવે છે. આસામ, બિહાર, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળમાં મુખ્યત્વે તે ટૂંકા સમયના શિયાળુ પાક તરીકે ઉગાડવામાં આવે છે.






Book Post

To,

DOI : January 25, 2018

From:
**Agro-Economic Research Centre**
*For the states of Gujarat and Rajasthan*
(Ministry of Agriculture & Farmers Welfare, Govt. of India)
H.M. Patel Institute of Rural Development,
Opp. Nanadalaya Temple, Post Box No. 24,
**Sardar Patel University**
Vallabh Vidyanagar 388120, Anand, Gujarat
Ph.No. +91-2692-230106, 230799, Fax- +91-2692-233106
E-mail : director.aerc@gmail.com
Website: www.aercspu.ac.in

*Acknowledged the information used/taken from the public domain*

Lajja : 02692-233864